**<u>ક્રિમી.કેસ નંબર 1401-10 ના કામે આંક :૧ લગત હુકમ</u>**

**લાંબા સમયથી પોલીસ આરોપીને હાજર રખાવવામા સફળ રહેલ નથી. <u>જુના પ્રોહીબીશન કેસો લોક અદાલત/ સ્પે. સીટીંગમા રાખવા સબંધે મે. ચેફ મેટ્રો. મેજી. સાહેબશ્રી તરફથી જા.નં. ૪૮૪/૧૯ તા.૧૪–૮–૧૯ ના રોજ પત્ર લખી જુના કેસો મુકવા આદેશ કરેલ છે.</u> તેમજ પેન્ડીંગ કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. આરોપી ઉપર વારંવાર આ અદાલત તરફથી પ્રોસેસ કાઢવામાં આવેલ છે, જે બજે કે વગર બજે પણ પરત આવેલ નથી. જે સબંધે અદાલત તરફથી અવારનવાર પોલીસ એજન્સીને અન્ય કેસોમા પણ ખુલાસા પુછવામા આવેલ છે. જે સબંધે પોલીસ એજન્સી ધ્વારા પણ બજવણી થઈ શકે તેમ ન હોવાની હકીકતો જણાવેલ છે. ફરીયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર કરી શકેલ નથી. નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો State of M.P., Appellant v. Kalu Thawar and another, Respondents. ધ્યાને લેતા તેમા ડિવિઝન બેન્ચે ઠરાવેલ છે કે, <u>Police must always remember that it has a duty to the Court and they cannot lust send a challan and think that the rest will be done by the court</u>. જેથી આ કામે પોલીસ એજન્સીને પુરતી તકો આપવા છતા આરોપીને હાજર રખાવી શકેલ ન હોઈ આરોપી સામેનો કેસ બંધ કરવાપાત્ર જણાય છે.**

**નામદાર સર્વોચ્ચ અદાલતે <u>૨૦૧૭(૧) જી.એલ.એચ. ૭૭૨ હુસેન વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના</u> ચુકાદામા બંધારણના અનુ. ૨૧ સબંધે ચર્ચા કરેલ છે, તેમજ પારા–૧૮ મા એપ્રિલ ૨૦૧૫ મા તમામ રાજયના મુખ્યમંત્રી તથા તમામ રાજયના નામદાર ચીફ જસ્ટીસ સાહેબોની મિટીંગ દરમ્યાન પાંચ વર્ષથી જુના કેસોના નિકાલ સબંધે આદેશો આપેલ છે.**

**આ તબકકે નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો [2015] 0 AIIMR(Cri)**

**1691 / [2015] 0 Supreme(Mah) 2027 State of Maharashtra VS Devilal** IN THE HIGH COURT OF BOMBAY AT NAGPUR BENCH S.B. Shukre, J. The State of Maharashtra - Appellants Vs. Devilal and Ors. – Respondent ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, **Criminal Procedure Code, 1973 - Section 258 Bombay Prohibition Act, 1949, Sections 65-B, 65-D, 65-E, 65-F, 66(1)(B), 83, 86 and 108 Stopping of proceedings. - Accused, on ground of inordinate delay in disposal of trial alone, entitled to seek stopping of proceedings. It is true, for lapse of it's officers, State should not be made to suffer. But, for those who are not part of the Government, it is a lapse of the State and therefore, it is equally true that for such inaction and such lapse on the part of the State, the accused or the respondents also cannot be made to suffer. As rightly submitted by the senior counsel, the respondents on the ground of inordinate delay in disposal of trial alone would be entitled to seek their discharge or stopping of proceedings.**

**આમ આરોપી વિરૂધ્ધ પોલીસે ચાર્જશીટ દાખલ કરેલ છે તે કામે આરોપીને હાજર રખાવેલ ન હોઈ ગુનાની સજાનો જોગવાઈ તેમજ કેસનો પ્રકાર જોતા કેસને વિશેષ લંબાવવા માટે કોઈ કારણ જણાતુ નથી. જેથી તહોમતદાર સામેની કાર્યવાહી પડતી મુકી છોડી મુકવાનો તથા તેમની સામેનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવો ન્યાયી જણાય છે. મુદ્દામાલ દારૂ નાશ થવા સબંધે મેન્યુઅલમા જણાવેલ જોગવાઈઓનુ પાલન કરવુ. અન્ય મુદ્દામાલ નાશ કરવો. મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા.**

**તા.૧૪ સપ્ટે. ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **એડીશનલ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૪)**<br>**અ મ દા વા દ.** |
| | | **કોડ નંબર જી.જે. ૦૦૯૭૭** |